Gujarat Samachar Pg 8 10th Feb 2022

# બિટકોઈન આંચકા પચાવી ફરી ઉંચકાયા: અમેરિકાએ ચોરાઈ ગયેલા ૩.૬૦ અબજના બિટકોઈન ફરી કબ્જે કર્યા

(વાણિજ્યપ્રતિનિધિ) મુંબઈ,તા.૯

ક્રિપ્ટો કરન્સી બજારમાં આજે આંચકા પચાવી ભાવ ફરી ઉંચકાયા હતા. અમેરિકામાં ગુરૂવારે આજે બહાર પડનારા ફુગાવાનો આંક ઉંચો આવવાની શક્યતા વચ્ચે ક્રિપ્ટો બજારમાં માનસ લેવાનું જણાયું હતું. બિટકોઈનના ભાવ આજે નીચામાં ૪૨૭૨૧ ડોલર તથા ઉંચામાં ભાવ ૪૪૪૬૬ ડોલર થઈ ૪૪૦૦૫થી ૪૪૦૧૦ ડોલર રહ્યા હતા.

## આઈસી-૧૫ ઈન્ડેક્સમાં બેતરફી વધઘટ : બિટકોઈનની વ્યાજબી વેલ્યુ ૩૮ હજાર ડોલર : જે.પી.મોર્ગને દર્શાવેલી ગણતરી

બિટકોઈનમાં આજે ૧.૨૨ અબજ ડોલરના સોદા થયા હતા તથા માર્કેટ કેપ ૮૨૧થી ૮૨૨ અબજથી વધી આજે ૮૩૪થી ૮૩૫ અબજ ડોલર થયાના નિર્દેશો હતા. દરમિયાન, ક્રિપ્ટો વાયરનો ક્રિપ્ટો ઈન્ડેક્સ આઈસી-૧૫ આજે ૬૪૧૮૬ ખુલ્યા પછી નીચામાં ૬૨૪૪૮ તથા ઉંચામાં ૬૪૭૩૦ થઈ વ ૬૪૧૬૧ રહ્યો હતો.

દરમિયાન, મિડકેપમાં ઈથેરના ભાવ આજે ૩૧૮૯થી ૩૧૯૦ ડોલર રહ્યા હતા જ્યારે સ્મોસલ કેપમાં સોલાનાના ભાવ ૧૧૪.૭૦ ડોલર, કારડનોના ૧.૨૮ ડોલર, એક્સઆરપીના ૮૮થી ૮૯ સેન્ટ ડોજકોઈનના ૧૫થી ૧૬ સેન્ટ તથ શિબાઈનુના ૦.૦૦૦૦૩૩ ડોલર બોલાઈ રહ્યા હતા. દરમિયાન, જે.પી.માર્ગનના જણાવ્યા મુજબ બિટકોઈનની ફેર વેલ્યુ ૩૮ હજાર ડોલરની ગણાયછે. અમેરિકાનું સિક્યોરિટી એક્સચેન્જ કમિશન બિટકોઈનના ઈટીએફ માટે કુણું વલણ બતાવતું થયાના નિર્દેશો પણ વહેતા થયા છે. યુક્રેનમાં દેખાવકારોને ૨૦૨૧માં મોટા પ્રમાણમાં ક્રિપ્ટો ડોનેશન મળ્યાની ચર્ચા વિશ્વબજારમાં સંભળાઈ રહી હતી. અમિતાભ તથા તેના પત્રે ક્રિપ્ટો સાથે સંકડાયેલી સિંગાપોરની મેરીડીયન કંપનીમાં કરેલા ૧.૬૦ કરોડ રૂપિયાના રોકાણ સામે અઢી વર્ષમાં નોંધપાત્ર નફો મેળવ્યો હોવાની ચર્ચા પણ બજારમાં સંભળાઈ હતી. દરમિયાન, બિટફાઈનેક્સના હેકિંગ વખતે ૨૦૧૬માં ચોરાઈ ગયેલા ૩.૬૦ અબજ ડોલરના બિટકોઈન એમરિકન સરકારે ફરી કબજે કરી બે જણાની ધરપકડ કર્યાના વાવડ મળ્યા હતા.